નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# નૃસિંહપુરા સમાજ દર્પણ

જૂન-જુલાઇ ૨૦૧૭

## ભાવાંજલી



**સ્વ. દીપકભાઇ રસીકલાલ શાહ**

જન્મ તા. ૫-૩-૧૯૪૬ થી દેહ ત્યાગ તા. ૩૦-૭-૨૦૧૭

(મૂળ વતન આમોદ- હાલ વડોદરા)

● સ્થાપક : હેમદીપ એજન્સીઝ - વડોદરા. ●

કેમ મન માનતુ નથી કે ઉપસ્થીતી નથી તમારી આ લોકમાં,
હજુય તમે જાવ છો ને આવો છો અમારા શ્વાચ્છોશ્વાસમાં.
કેવી રીતે ઉતારશુ ઋણ હે "પપ્પા" તમારા ઉપકારોનું આ ભવમાં,
હે પ્રભુ દે "પપ્પા" તો દેજે સાત જનમ આજ "પપ્પા"ના રૂપમાં.

॥ આપના જન્મો-જનમના ઋણાનુબંધી ॥

**ગં. સ્વ. હેમલતા દીપકભાઇ શાહ**

**હેતલ-અમી ● કલ્પેશ-સ્નેહા ● તીર્થ-યુગ્મા-ચૈત્ય**

# શ્રધ્ધા સુમન



શ્રી મનુભાઇ હરિલાલ વખારીયા

જન્મ: ૧૪-૧૧-૧૯૨૬ ● અરિહંત શરણ : ૧૫-૭-૨૦૧૭

શ્રી હરિલાલ વખારીયા ત્થા શ્રીમતી હિરાબેનના સુપુત્ર એવા મનુભાઈ એક સામાન્ય પરિવારમાં જન્મ્યા હતા. પોતાના કૌશલ્ય તેમજ પુરુષાર્થથી જીવનમાં આગળ વધ્યા હતા. શ્રીમતી સવિતાબેન સાથેનાં લાંબા અને સફળ લગ્નજીવનમાં બે પુત્રીઓ ત્થા ત્રણ પુત્ર છે. જેઓ સર્વે તેમની કારકિર્દિમાં ઉચ્ચ સ્થાને બિરાજે છે. ગુજરાત રાજ્યના એક સમર્થ સીવીલ એંન્જીનીયર તરીકે શ્રી મનુભાઈ સમગ્ર રાજ્યના પાણી સિંચાઈ પ્રોજેક્ટ્સમાં જીવનભર સંલગ્ન હતા. અને રાજ્યના સિંચાઈ વિભાગના ચીફ એંન્જીનીયર પદ સુધી પહોંચ્યા બાદ ગુજરાત રાજ્યના જળ સંસ્થાનની સરકારી કંપનીમાં મેનેજીંગ ડાયરેક્ટર પદ પર સેવા આપી રીટાયર થયા હતા. સૌરાષ્ટ્રનો ખોડિયાર બંધ, મધ્ય ગુજરાતનો કડાણા બંધ, દક્ષિણ ગુજરાતનો દમણગંગા બંધ તથા ઉત્તર ગુજરાતનો ધરોઈ બંધ-તેમની ઉજ્વળ અને ઉત્તમકામગીરીના જાણીતા ઉદાહરણ છે. શ્રી મનુભાઈએ આપણા સમાજની ઉત્કૃષ્ટ સેવા કરી છે, અને ઘણાં કાર્યોમાં સમાજને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું છે. સન ૧૯૯૪ થી સન ૨૦૦૨ દરમિયાન તે આપણા કેળવણી મંડળના પ્રમુખ હતા. તેમની દોરવણીમાં આપણા કેળવણી મંડળે ઘણાં સમાજ ઉપયોગી કાર્યો કર્યા છે. તેઓએ એક સફળ કેળવણી મંડળના ટ્રસ્ટી તરીકે સમાજની સેવા કરી છે. તેઓશ્રી શાંતિનાથ દિ. જૈન મંદિર, ઉસ્માનપુરા અમદાવાદ સ્થાપક પ્રમુખ તેમજ ટ્રસ્ટી તરીકે પણ તેઓએ સેવા આપેલ છે. એક કુશળ એન્જીનીયર, કર્તવ્યનિષ્ઠ તથા જાગૃત નાગરિક અને સમાજના એક મોભી તરીકે જ્યારે જરૂર પડી ત્યારે તેમણે આપણને માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. શ્રી મનુભાઈ હાલ આપણી વચ્ચે નથી. ૯૧ વર્ષની જૈફ વયે તેમણે દેહ છોડ્યો હતો. તેઓ ખૂબ આધ્યાત્મિક અને ધર્મ પ્રેમી હતા. તેઓએ શાંતિનાથ ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી હતી. આપણા કેળવણી મંડળ વતી અમે સર્વે તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ, અને તેમના કુટુંબીજનોને આ વસમી વિદાયનું દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે. એજ પ્રભુને પ્રાર્થના. પરમકૃપાળુ અમિતગતિ આચાર્યદેવ રચીત સામાયીક પાઠની ઉપર લખેલી પ્રથમચાર પંક્તિઓ શ્રી મનુભાઈના સમગ્ર જીવન દરમિયાન એમની માર્ગદર્શક રહી હતી, અને તે વખતોવખત તેનો ઉલ્લેખ કરતા હતા. પ્રેમભાવ હો સબ જીવોંસે, ગુણીજનો મેં હર્ષ પ્રભો, કરુણાસ્રોત વહે દુઃખીઓ પર, દુર્જનમેં મધ્યસ્થ વિભો,. યહ અનંત બલ-શીલ આતમા, હો શરીરસે ભિન્ન પ્રભો, જ્યોં હોતી તલવાર મ્યાનસે, વહ અનન્ત બલ હો મુજકો. -કેળવણી મંડળ

**સંપાદક સમિતિ :**
શ્રી અજયભાઇ રમણીકલાલ શાહ : ૯૮૨૪૦૬૭૭૪૭
શ્રી શોધનભાઇ હિરાલાલ શાહ : ૯૪૨૬૬૨૦૯૦૯
શ્રી દિલીપભાઇ શાંતિલાલ શાહ : ૯૪૦૮૬૮૪૩૧૨

**પ્રકાશક સમિતિ :**
શ્રી દિનેશભાઇ લાલભાઇ શાહ, પ્રમુખ : ૦૯૩૨૪૬૯૮૮૮૬
શ્રી જગદીશભાઇ ત્રિલોકચંદ દાણી, મંત્રી : ૯૮૨૫૦૪૩૫૧૮
શ્રી કલ્પેશભાઇ પોપટલાલ સંઘવી, સહમંત્રી : ૮૯૮૦૯૫૯૯૨૩

**ટ્રસ્ટીગણ :**
શ્રી બિપીનભાઇ ચીનુભાઇ શાહ : ૦૯૮૬૭૦૮૮૧૧૦
શ્રી જીતેન્દ્રભાઇ રતીલાલ શાહ : ૦૯૨૨૪૧૬૫૨૭૨
શ્રી દિપકભાઇ સાકરલાલ શાહ : ૯૮૨૪૩૨૪૧૨૬

**પ્રકાશન સ્થળ :**
શેઠ કસ્તુરચંદ જુઠાભાઇ છાત્રાલય, પોસ્ટ ઓફીસની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : (૦૭૯) ૨૬૪૨૪૪૫૫

ગૃહપતિ : શ્રી તારકકુમાર બાબુલાલ પરીખ

**"સમાજ દર્પણ"ના પ્રતિનિધિઓ :** **ફોન નંબર**
શ્રી કેતનભાઇ રમેશભાઇ શાહ, કલોલ : ૯૮૨૫૦૩૮૫૬૬
શ્રી કમલેશભાઇ શાંતિલાલ પરીખ, સુરત : ૯૩૭૭૭૨૪૮૪૭
શ્રીમતી ઝંખનાબેન જયેન્દ્રકુમાર શાહ, વડોદરા : ૦૨૬૫-૨૩૯૫૬૬૪
શ્રીમતી ભારતીબેન દિનેશભાઇ શાહ, વડોદરા : ૯૮૯૮૫૦૮૪૪૭
શ્રી કિરીટભાઇ ફકીરચંદ દેસાઇ, નરોડા : ૯૭૨૫૫૦૦૭૨૪
શ્રી દિલીપભાઇ ફતેચંદ શાહ, મુંબઇ : ૦૯૮૧૯૮૩૭૦૪૧

**નૃ. સમાજ દર્પણમાં જાહેરાત છાપવા માટેના નવા દર :**
ક્વર પેજ (કલરમાં) (અંદરના પેજ)
(કવર : ૨ રૂા. ૨૫૦૦-૦૦) (આખું પેજ : ૧૫૦૦-૦૦)
(કવર : ૩ રૂા. ૨૫૦૦-૦૦) (અડધુ પેજ : ૮૦૦-૦૦)
(કવર : ૪ રૂા. ૩૦૦૦-૦૦) (પા પેજ : ૫૦૦-૦૦)
(અંદરના જાહેરાત કલરમાં : રૂા. ૨૦૦૦-૦૦)
(અંદરના બાયોડેટા કલરમાં : રૂા. ૧૫૦૦-૦૦)

સમાજના સૌ સભ્યોને વિનંતી કે આપના વિભાગના સમાજની વ્યક્તિગત, કૌટુંબિક કે સંસ્થાના સમાચારની માહિતી, સારા-માઠા પ્રસંગોની માહિતી આપતી વિગત ક. જુ. છાત્રાલયના સરનામે "નૃ. સમાજ દર્પણ" વિભાગમાં અવશ્ય મોકલવી. સમાજના સભ્યોની જે વિગતો મળશે તે વિગતો જ પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સૌ સભ્યોએ નોંધ લેવી.

(૧) "નૃ. સમાજ દર્પણ"ના મુખ પત્રકના દરેક અંક અંગે સમાજના કોઇપણ સભ્યનું સૌજન્ય રૂા. ૪૦૦૦/- ભેટ લઇને સ્વીકારાય છે.
(૨) જે કોઇને ફોટા (પાસપોર્ટ સાઇઝ) સાથે સૌજન્ય આપવું હોય તો રૂા. ૬૦૦૦/- નક્કી કરેલ છે, જેનો લાભ લેવા વિનંતી છે.
(૩) આગામી સળંગ છ અંક સુધી જાહેરાત આપનારને ૧૦% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. -પ્રકાશન સમિતિ

# સંપાદક...

આપ સૌ અમોને ખૂબજ સાથ અને સહકાર આપી આપણા સમાજની પ્રગતિમાં ભાગીદાર બનો છો ? તે બાબત ઘણી જ પ્રસંશનીય છે આવો સાથ અને સહકાર મળતો રહે તો આપણે ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહીશું.

છાત્રાલયના પ્રાંગણમાં ઉપાધ્યાય પૂ. ૧૦૮ શ્રી અનુભવ સાગરજી મહારાજ સસંઘ પધારી આપણા સમાજના વિદ્યાર્થીઓને આશિર્વાદ આપ્યા હતા. આ શુભ પ્રસંગે મહારાજની ઉપસ્થિતિમાં વિવિધ મંદિરોમાંથી શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ ભગવાનની ૨૩ પ્રતિમાઓ ધામધૂમથી લાવી અભિષેક અને વિધાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ સારામાં સારુ શિક્ષણ લઇ આગળ વધતા રહે, જૈન સમાજ અને દેશની સેવા કરી આગળ આવે, એવા આશિર્વાદ આપ્યા હતા.

આપને યાદ અપાવવાનું કે સમાજ દર્પણ એ "સમાજનું દર્પણ" છે. સમાજના સારા નરસા દરેક પ્રસંગોમાં આપ સમાજ દર્પણના માધ્યમથી ભાગીદાર બનો. અને સમાજની સારામાં સારી સેવા કરો.



ગત અંકના સૌજન્ય દાતા શ્રી રતનચંદ ભોગીલાલ વખારિયા (પરિવાર-કલોલ) તથા આ અંકમાં જે દાતાઓએ વિજ્ઞાપન આપી, અન્ય પ્રકારનું દાન આપી જે સહકાર આપ્યો છે. તે દાતાઓનો આભાર...

## સંસ્થાને ભેટ બદલ — ખુબ ખુબ અભિનંદન

૧૦૦૧/- હેમા કલ્પેશભાઈ વિનોદચંદ્ર શાહ (કલોલ-અમદાવાદ) ના સુપુત્ર ચિ. ઝલકના HEC પેરીસ માં માસ્ટર્સ ઈન મેનેજમેન્ટ માં એડમીશન મળ્યાની ખુશાલીમાં...

૧૦૦૦/- નિશિથ જયકુમાર શાહ, અમદાવાદ, ચિ. આરવના જન્મદિવસ નિમિત્તે...

૫૦૦/- સ્વ. કુમુદબેન વિક્રમભાઈ શાહની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ તા. ૩૧-૭-૨૦૧૭ નીમીત્તે વિક્રમભાઈ ચીમનલાલ શાહ પરીવાર તરફથી...

૫૦૦/- નરેશકુમાર કેશવલાલ શાહ (જહેર-અમદાવાદ)ના સુપુત્ર ચિ. જીનેષ માસ્ટર્સ ઈન કોમ્પ્યુટર સાયન્સના ઉચ્ચ અભ્યાસ માટે ન્યુયોર્ક (આલ્બની) ગયેલ છે. તેની ખુશીમાં...

૫૦૦/- કલ્પેશભાઈ દિનેશચંદ્ર શાહ (જહેર-વડોદરા) નવા ગૃહ પ્રવેશ નિમિત્તે...

૭૦૦/- શ્રી સંજયભાઈ તથા જ્યોતિબેન સંઘવીની પૌત્રી તથા ડૉ. જિનેશ સંઘવી-રીચા સંઘવી ની સુપુત્રી રૂહીના જન્મપ્રસંગે સંસ્થાને ભેટ...

૫૦૦/- સંજયભાઈ તથા જ્યોતિબેનના સુપુત્ર ડૉ. જિનેશ સંઘવીની બાળકોની હોસ્પીટલ ''આરોગ્યમ''નાં ઉદ્‌ઘાટન પ્રસંગે સમાજને ભેટ...




Hospital No. : 7265801234




Best Compliments From.

**Sanjay A. Sanghvi**
**&**
**Jyoti S. Sanghvi**

## નવા તથા બદલાયેલા સરનામા-ટેલીફોન નંબર

**CHANGE OF ADDRESS :-**

- Rakeshbhai Hasmukhlal Sanghvi
  D-104, Shyamkutir-2, Nr. Sardar Partyplot, Opp. 108, Kathwada Road, Hanspura.
  M - 9898651378, 9601490620
- Nitin K. Shah
  A-902, Reema Residancy, Simpoli Village, Nr. Datt Mandir, Chintamani Bunglow, Borivali (W), Mumbai-400092
- Pravin Shantilal Vakharia
  A-301, Raheja Solitair Plot No. 5, Off S V Road, Udyognagar, Opp. Mahesh Nagar, Goregaon (W) Mumbai-400104
  Mob. : 9833409437
  Pravin : 9967750052
- Utkarsh Dipakbhai Shah
  304, Girivihar Appt; Opp. Agrawal School, Shankaar Lane, Kandivali (W),
  Mumbai-400047
- Kalpesh Dineshchandra Shah
  202, Dolcevita Flats, B/h. L. G. Show Room, Manjal Purnaka, Manjalpur, Baroda-390011.
- Chelnaben Jayantilal Shah
  202, Hiramoti Appartment, Oswal Mohllo, Subhash Chawk, Gopipura, Surat.
- Chetas Prabodhchandra Shah
  A-305, Ratnadeep Tower, Nr. Arjun Tower, C. P. Nagar, Ghatlodia, Naranpura, Ahmedabad-380061
  Chetas Shah : 9099291631
  Mittal Shah : 9904596164
- Darshan Kirtikumar Shah
  B-601, Prernaviraj Tower-2, Nr. Sukan Party Plot, Jodhpur, Satellite, Ahmedabad-380015.
  Darshan Shah : 9898024635
  Ankita Shah : 9998180528
  Resident No. : 079-40032209
- કિરણબેન અરવિંદભાઈ શાહ
  ૨૦૨, ૨ બીજે માળે, અર્હમએલીગેન્સ, શાહ હોસ્પીટલની પાછળ, શાંતિનગર સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
  મો. : ૯૭૨૭૧૫૬૯૬૦
  લેન્ડ લાઈન : ૨૭૫૬૦૯૨૨
- મયંકભાઈ અમૃતલાલ શાહ
  રૂમનં. ૫, અક્ષરધામસોસાયટી, પૂણાગામ, તળાવની સામે, સુરત.
  મો. : ૯૦૫૪૧૯૨૭૩૮, ૯૦૧૬૫૬૦૯૩૭

### લોન રીફંડ...

- સારંગી ઉમેશભાઈ જીતેન્દ્રભાઈ શાહ-નડીયાદ

**અગત્યની સુચના :-**
અમદાવાદની વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ થતાં સમાજના કોઈપણ ભાઈ-બહેન માટે દર્દીના સાથે આવતા બે કે ત્રણ સગા માટે શુદ્ધ જૈન ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. સંપર્ક : કલ્પેશ પી. સંઘવી (મો. : ૮૯૮૦૯૫૯૯૨૩)

# શ્રદ્ધાંજલિ

- તા. ૧૮-૬-૨૦૧૭ ના રોજ શ્રી પરેશભાઇ ભૂપેન્દ્રભાઇ શાહ (બુહારી-મુંબઇ) અરિહંત શરણ પામેલ છે.
- તા. ૧૨-૭-૨૦૧૭ ના રોજ શ્રી ઇન્દ્રવદન ચંદુલાલ વખારીયા (કલોલ) અરિહંત શરણ પામેલ છે.
- તા. ૧૫-૭-૨૦૧૭ ના રોજ શ્રી મનુભાઇ હરિલાલ વખારીયા (કલોલ-અમદાવાદ) અરિહંત શરણ પામેલ છે.
- તા. ૩૦-૭-૨૦૧૭ ના રોજ શ્રી દિપકભાઇ રસીકલાલ શાહ (આમોદ-વડોદરા) અરિહંત શરણ પામેલ છે.
- તા. ૧-૮-૨૦૧૭ ના રોજ શ્રી ઇન્દ્રવદન જીવણલાલ શાહ (અણોર-મુંબઇ) અરિહંત શરણ પામેલ છે.
- તા. ૧૦-૮-૨૦૧૭ ના રોજ શ્રી વિનોદચંદ્ર રસીકલાલ શાહ (આમોદ-વડોદરા) અરિહંત શરણ પામેલ છે.
- તા. ૧૫-૮-૨૦૧૭ ના રોજ શ્રી રજનીકાન્ત શાંતિલાલ શાહ (અમદાવાદ) અરિહંત શરણ પામેલ છે.
- તા. ૧૭-૮-૨૦૧૭ ના રોજ શ્રી હસમુખલાલ ચીમનલાલ શાહ (કલોલ-અમદાવાદ) અરિહંત શરણ પામેલ છે.

**(પ્રભુ સદગતની આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના)**


|| ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથાય નમઃ ||

**આપને ત્યાં ઉજવાતા કોઇપણ ધાર્મિક પ્રસંગોનું સુંદર અને સરસ રીતે સંચાલન કરી આપનાર વક્તા-વિધિકાર...**

## શ્રી ભરતભાઇ ચંદુલાલ શાહ

**(ત્રાગડવાળા)**

જૈન વિધાન...વાસ્તુ વિધાન...જૈન વિધિથી લગ્ન...જૈન વિધિથી જ્વારા...
ધાર્મિક ભજન, સંધ્યા...ભક્તિ સંગીત...પ્રાર્થનાસભા...વ્રત વિધાન...
ભાવયાત્રા તથા નમસ્કાર મહામંત્રની
આરાધના સુંદર વિવેચન સાથે કરાવનાર...

સંપર્ક : શ્રી ભરતભાઇ ચંદુલાલ શાહ (ત્રાગડ) હાલ-વડોદરા
મો. ૦૯૪૨૬૬૨૪૫૩૬ / ૯૪૨૬૩૩૪૫૩૪

આપના પ્રસંગને યાદગાર બનાવો એજ ઉદેશ...




## અમારા દ્વારા
## મન, વચન અને કાયાને
## યોગ થકી
## આપના હૃદયને
## ઠેસ પહોંચી હોય,
## આપની લાગણી
## દુભાઇ હોય તો
## પરમ પાવન પર્વ
## પર્વાધિરાજ
## પર્યુષણ મહાપર્વ
## નિમિત્તે
## મિચ્છામિદુક્કડમ્

**શ્રી સંઘ નૃસિંહપુરા દિગંબર જૈન કેળવણી મંડળ ટ્રસ્ટીગણ, પ્રમુખશ્રી, મંત્રીશ્રી, સહમંત્રીશ્રી તેમજ વ્યવસ્થાપક સભાના (કમીટી)ના સભ્યશ્રીઓ તથા ગૃહપતિશ્રી તેમજ સંપાદક સમિતિ.**

# Aditya



| | | |
|---|---|---|
| Name | : | ADITYA SHAH |
| Birth Date | : | 30.08.1990 at 3.17 P. M. |
| Native place | : | Moti Jaher |
| Birth Place | : | Indore (M.P.) |
| Height | : | 5'08" |
| Weight | : | 76 Kg |
| Cast | : | Digambar Jain |
| Gotra | : | Nagar |
| Education | : | B.E. in Computer Science |
| Occupation | : | Working as Sr. Software Engineer in Azilen Technology Pvt. Ltd. |
| Hobbies | : | Traveling, Listenning Music |
| E-mail. | : | aditya2shah@gmail.com |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father Name | : | Pankajbhai Amritlal Shah |
| Mobile No. | : | 7874826107 |
| Mother Name | : | Vimalaben Pankajbhai Shah |
| Mobile No. | : | 9429030533 |
| Sister | : | 2 Elder Sisters (Married) |
| Present Address | : | 60, Harihar society, Nr. Hariprakash society, Naroda, Ahmedabad. |

# Dhaval



| | | |
|---|---|---|
| **Name** | : | **DHAVAL HEMANT DESAI** |
| **Date of Birth** | : | **21st Feb 1990** |
| **Birth Time** | : | **6.37 PM** |
| **Birth Place** | : | **Kalol (North Guj.)** |
| **Height** | : | **5'7"** |
| **Weight** | : | **60 Kg.** |
| **Blood Group** | : | **BRh +** |
| **Gotra** | : | **kalashdhar** |
| **Education** | : | **B.Com, Networking & Hardwear in Computer** |
| **Hobbies** | : | **Reading Books, listening Music** |
| **Occupation** | : | **Job in Integration Infotech India Private** |

**Family Details.**

| | | |
|---|---|---|
| **Father's Name** | : | **Hemant Navinchandra Desai** |
| **Grand Father Name** | : | **Navinchandra Jivanlal Desai** |
| **Mother's Name** | : | **Bhagyarekha Hemant Desai** |
| **Younger Sister** | : | **Vidhi Vrushabh Shah (Stay in USA)** |
| **Mosal** | : | **Ratanchand Bhogilal Vakharia** |
| **Cast** | : | **Nrusinghpura Digamber Jain** |
| **Native** | : | **Moti Jher** |
| **Address** | : | 304, vishal-2, Off. Shimpoli road, Borivali (west), Mumbai - 400092. |
| Current Temporary Add. | : | Flat No.405, Evershine Avenue (A/6), Global City, Virar (west) PIN:-401303. Dist., Palghar Maharashtra |
| **Contact** | : | **Hemant Desai:-7900173062; 9324362504.** |

# Jay



| | | |
|---|---|---|
| Name | : | JAY JITESHBHAI SHAH |
| Birth Date | : | 29-3-1992, Time : 11.54 PM, Vadodara |
| Height | : | 5'4" |
| Weight | : | 80 Kg. |
| Gotra | : | Kankulol |
| Native | : | Dabaka |
| Education | : | Diploma in Mech. Eng. |
| Occupation | : | Job :- Advantech Aircon System (Associate with Daikin India) |
| Designation | : | Sr. Sales Executive |
| Resi. Address | : | Present : 108, Damodar Nagar, Tarsali, Vadodara.<br>New : E/505, The Velancia, Vasna Bhaili Road, Vadodara. |
| Contact No. | : | Mob. : 8000723004 jay.shah90@yahoo.co.in<br>Mob. : (Jitesh) 9974567518<br>Mob. : (Jayna) 9909915235 |

**FAMILY DETAILS**

| | | |
|---|---|---|
| Father Name | : | Jiteshbhai Manilal Shah |
| Occupation | : | Champhor Allied & Products Ltd. |
| Mother | : | Jainaben Jiteshbhai Shah |
| Sister | : | Nidhi Hardik Parikh |
| Mosal | : | Chandrakant Mangaldas Shah, Borivali |



# Purvish

| | | |
|---|---|---|
| NAME | : | PURVISH RAJIV SHAH |
| BIRTH DATE | : | 17.9.1993 TIME 7:22 P.M. AHMEDABAD. |
| ADDRESS | : | 698, VASTUNIRMAN SOCIETY, SECTOR 21, GANDHINAGAR. GUJARAT. |
| NATIV / GOTRA | : | DABKA/BARAD |
| HIGHT | : | 5'5" • WEIGHT:-68KG |
| EDUCATION | : | B.E. - Metallurgy engineer. |
| ACTIVITY | : | Family business |

<u>FAMILY DETAILS</u>

| | | |
|---|---|---|
| FATHER | : | RAJIV NALINKANT SHAH |
| MOTHER | : | KRUPA RAJIV SHAH |
| SISTER | : | DR. SRUSHTI R SHAH [YOUNGER –UNMARRIED] |
| OCCUPATION | : | FACTORY AT GIDC GANDHINAGAR. |
| GRAND FATHER | : | CA. NALINKANT BHOGILAL SHAH. GANDHINAGAR. |
| GRAND MOTHER | : | SAROJBEN NALINKANT SHAH. |
| MOSAL | : | DINESHBHAI SOMCHAND SHAH/TARULATABEN DINESHBHAI SHAH |
| CONTACT | : | MOBILE 9824077348 / 9924618748 / 9924618748 |
| E MAIL | : | uttamrajiv@gmail.com |



# KHYATI

| | | |
|---|---|---|
| Name | : | KHYATI DILIPBHAI SHAH |
| Birth Date | : | 13-03-1991 |
| Birth Time | : | 2.46 A.M. |
| Birth Place | : | Ahmedabad |
| Height | : | 5'3" |
| Weight | : | 46 Kg. |
| Blood Group | : | B+ve |
| Education | : | B.Com. & C.A. Final Completed |
| Hobby | : | Surfing on Net, Listenning to Music, Travelling |
| Occupation | : | Service |
| | | **FAMILY DETAILS** |
| Father | : | Dilip Shantilal Chhotalal Shah |
| Mother | : | Kusumlata Dilipbhai Shah |
| Elder Sister | : | Stuti M. S. in Computer Science - USA - Married |
| Caste | : | Nrusinhpura Digamber Jain |
| Native | : | Ahmedabad-Gujarat. |
| Mosal | : | Dr. Harish C. Jain, Retd, AGM, Amul Dairy, Anand, Gujarat. |
| Address | : | 21/6, Bimanagar Co-op. hsg. Soc.<br>Nr. Shivranjani Cross Road, Ambavadi,<br>Ahmedabad-380015 |
| Contact | : | (Res.) : 079 26746672<br>Dilipbhai : 9408684312 • Kusumlata : 9426609972 |
| Email ID | : | dshah1980@yahoo.com |

## ● સમાચાર ●

● **વડોદરા**

શ્રી નૃસિંહપુરા દિ. જૈન મંડળ-વડોદરા ટ્રસ્ટના બંધારણ અનુસાર ગત ટર્મની કાર્યવાહક સમિતિની મુદત માર્ચ-૨૦૧૭ માં પૂરી થતાં નવી ટર્મ એપ્રિલ ૨૦૧૭ થી માર્ચ-૨૦૧૯ માટે નવી કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં નીચે મુજબની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

| | |
|---|---|
| શ્રી મહેશ બી. દાણી | -પ્રમુખ |
| શ્રી ભરત સી. શાહ | -ઉપ પ્રમુખ |
| શ્રી અજીત ગૌતમશાહ | - મંત્રી |
| શ્રી જૈમીન એસ. શાહ | -સહમંત્રી |

● શ્રીમતી ઉષાબેન અને અશ્વિનભાઇ ડી. શાહ કાયમ માટે કેનેડા ગયેલ છે.

● શ્રીમતી ભારતીબેન અને સંજયભાઇ વખારીયા કેનેડાના પ્રવાસે ગયેલ છે.

● શ્રીમતી બિંદુબેન એ. શાહ કેનેડાના પ્રવાસે ગયેલ છે.

● શ્રીમતી હીરલ, કેયુર એ. શાહ અને ધ્યેય PR પર કેનેડા ગયેલ છે.

● પંડિત આશાધરના સાગરધર્મામૃતમાંથી આ નમોકાર મંત્રનો મહિમા લખેલ છે.

નમોકાર મંત્રનો પ્રભાવ કેવો હોય છે. તે મેં સાગર ધર્મામૃત વાંચ્યુ ત્યારે મને ખુબજ આશ્ચર્ય થયું, તેનો થોડો સાર નીચે મુજબ લખુ છું.

સુદર્શન શેઠ ઉપર જ્યારે ઉપસર્ગ આવ્યો ત્યારે તેઓ ધ્યાનમાં લીન રહીને નમોકાર મંત્ર જપતા રહીને કેવી રીતે તેમનો ઉપસર્ગ ટાળ્યો ?

આ મંત્રના પ્રભાવથી રાગ દ્વેષના ખુબજ ભાવ આવતા હોય ત્યારે પણ ઉંડા શ્વાસ સાથે બોલવાથી પણ તે ભાવો એકદમ દૂર થાય છે. તથા બધાની બાધા પણ દૂર થાય છે. તથા ઘણાજ કર્મોની નિર્જળા પણ થાય છે. તથા લૌકિક અલૌકિક, સિધ્ધી પણ થાય છે. તથા ભાવ સહિત જપવાથી મોક્ષસુખ પણ પ્રાપ્ત થાય છે. કેવળ જ્ઞાન પ્રાપ્ત થઇને મોક્ષ પણ જવાય છે. ભલે આ કાળમાં મોક્ષ નથી પણ દેવગતિમાં જઇને ઉત્તરોઉત્તર આગળ વધીને મોક્ષ જઇ સકાય છે. શ્રધ્ધા જોઇએ તથા આત્મીક શ્રધ્ધાને કેળવવી જોઇએ તથા મુક્તિ રૂપી લક્ષ્મી પ્રાપ્તી થાય છે. તથા ચારે ગતિમાંથી મુક્તિ અપાવે છે. તથા મંત્રના પ્રભાવથી શુભ પુન્ય આશ્ચર્ય થાય છે. તથા અશુભ કર્મોની નિર્જળા થાય છે, આખી જીંદગી તમે પાપ કર્યા હોય પણ અંત સમયે પણ નમોકાર મંત્રને જપવાથી દેવગતિ પ્રાપ્ત થાય છે. તિર્યંચને પણ અંત સમયે કોઇ દયાળુ મંત્ર સંભળાવે તો તે પણ દેવગતિ પામે છે.

નમોકાર મંત્રનાં એક અક્ષરના ભાવ સહિતના ઉચ્ચારથી સાત સાગરના પાપ પણ ખપી જાય છે. તથા પાંચે પ્રકારના પદ ભાવસહિત બોલવાથી પાંચશો સાગરના ભોગવેલા પાપ નાશ થાય છે. તથા ભાવ સહિત એક લાખ જાપ કરવાથી તેને તિર્થંકર પદ પ્રાપ્ત થાય છે. પણ ભાવ સહિત તે વખતે ફક્ત આપણું શરીર ને મંત્ર બેજ ધ્યાનમાં રહે તથા ભાવ સહિત વિધિ પૂર્વક સ્મરણ કરવાથી અસંખ્ય દુઃખોનો ક્ષય થઇને આલોક તથા પરલોકમાં આત્મીક સુખ પ્રાપ્ત થાય છે. તથા આ પંચમકાળમાં મંત્ર કલ્પવૃક્ષ સમાન છે. સુખ લઇને દુઃખ દુર કરીને રોજ પાંચ દશ મિનિટ જાપ કરવા તથા રોજ દૈનિક કામ માટે નિકળતી વખતે જાપ બોલીને જ પગ ઉપાડવા તથા રોગ, શોક, દ્રારિદ્ર દુર થાય છે તથા શ્રદ્ધાથી જપવા તથા સાગર ધર્મામૃતમાં એટલા બધા દૃષ્ટાંત આપ્યા છે કે તેનાથી તે કેવી રીતે ઉગરી જાય છે.

એજ લિ. કોકિલા એચ. જૈન

● શ્રી સંજયભાઇ, સ્વ. શ્રી પ્રબોધચંદ્ર નટવરલાલ શાહ તથા ઉર્મીલાબેનના સુપુત્ર એ ગિરનાર મુકામે આચાર્ય ૧૦૮ શ્રી નિર્મળસાગર મહારાજના હસ્તે તા. ૨૮-૬-૨૦૧૭ ના રોજ ક્ષુલ્લકમાંથી મુનિ દિક્ષા લીધેલ છે. મુનિ દિક્ષા નામ ૧૦૮ નેમીસાગરજી રાખેલ છે.

● સમાજના સર્વ ભાઇ-બેનો ને જણાવવાનું કે આપને પર્યુષણપર્વ દરમિયાન ૫ ઉપવાસ, ૧૦ ઉપવાસ કે તેથી વધુ ઉપવાસની આરાધના કરી હોય તો તેમના નામ-સરનામું-પાસપોર્ટ સાઇઝનો ફોટો ગૃહપતિને મોકલાવી આપશો. જેથી આવતા અંકમાં પ્રકાશિત કરી શકાય.

# ધાર્મિક પ્રશ્નાવલી નં. ૬

(૧) બન્ને પ્રશ્ન પત્રના જવાબો સ્વચ્છ અક્ષરમાં લખશો.
(૨) આપનું પુરૂ નામ, સરનામું, વતન, ટેલીફોન નં. વગેરે આપશો.
(૩) જવાબ એક અલગ બંધ કવરમાં 'ધાર્મિક પ્રશ્નાવલી' ગૃહપતિ, કે. જે. છાત્રાલયના સરનામે મોકલવાની છેલ્લી તારીખ ૨૫-૯-૨૦૧૭ પહેલા મોકલશો તે પછી આવેલ જવાબો અસ્વીકાર્ય રહેશે.
(૪) નિર્ણાયકનો જવાબ આખરી ગણાશે જે તમામસાધકોને બંધન કર્તા રહેશે, આ સ્પર્ધા નૃ. દિ. જૈન ના સાધર્મિક પૂરતી મર્યાદિત છે.
(૫) આપના દ્વારા મોકલાવેલ જવાબો માટે માત્ર ફુલ સ્કેપ પેપર વાપરશો. ડાયરીનો કોરો કાગળ, લખેલા કાગળ પાછળ, નાના કાગળમાં લખેલા જવાબો રદ બાતલ ગણવામાં આવશે.
(૬) ધાર્મિક પ્રશ્નાવલીનો મુખ્ય ઉદ્દેશ સમાજના લોકો શાસ્ત્ર સ્વાધ્યાય સાથે જોડાય તેજ ભાવના છે.
(૭) ધાર્મિક પ્રશ્નાવલી નં. ૫ ના જવાબો.
પ્રશ્ન - ૧. (૧) કુંદકુંદ (૨) (એ) સમયસાર (બી) પ્રવચનસાર (સી) નિયમસાર (ડી) અસ્ટપાહૂડ (ઇ) પંચાસ્તિકાય વિ. ની રચના કરી. (૩) કર્મ (૪) રત્નત્રયથી (૫) અહીંસા (૬) બે - (એ) ઉત્સર્પિણી (બી) અવસર્પિણી (૭) તેનાથી જીવને દિવ્ય ઉપદેશ મળવાથી (૮) અસિઆઉસા (૯) અનન્ત ચતુષ્ટય (૧૦) દેવો.
પ્રશ્ન - ૨. (૧) અર્હં (૨) પૃથ્વીકાય (૩) જ્ઞાનાવરણીય (૪) ૪ (૫) આભા મંડલ (૬) ૧૦ (૭) ૧૦ (૮) ૧૪ (૯) ૧૮ (૧૦) નિર્ગંથ મુનિ.
(૮) એપ્રિલ-મે, ૨૦૧૭ ના ધાર્મિક પ્રશ્નાવલી નં. - ૫ ના વિજેતા નીચે મુજબ છે.
(૧) અનિતાબેન ઉમેશભાઈ શાહ - નડિયાદ - ૨૦ ગુણ
(૨) રસિલાબેન જીતેન્દ્રભાઈ શાહ - નડિયાદ - ૧૯ ગુણ
(૩) અંજનાબેન નલિનકુમાર શાહ - વડોદરા - ૧૫ ગુણ

**પ્રશ્નપત્ર - ૧**

૧. પરમેષ્ઠી કોને કહે છે ?
૨. સિધ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના કેટલા ધનુષ અને જઘન્ય અવગાહના કેટલા હાથ હોય છે ?
૩. વર્તમાન અવઅર્પિણી કાળમાં ભરત ક્ષેત્રમાં સર્વ પ્રથમ મોક્ષ જનારા મુનિ કોણ હતા ?
૪. જંબૂસ્વામિ ક્યા કેવલી હતા અને ક્યાંથી મોક્ષે ગયા ?
૫. અંતિમકેવલી કોણ હતા ? અને ક્યાંથી મોક્ષે ગયા ?
૬. ક્યા ગુણને કારણે એક જીવના સ્થાનમાં અનન્ત જીવ સમાય છે ?
૭. આગમ અનુસાર કેટલા સમયમાં કેટલા જીવ મોક્ષ જાય છે ?

**પ્રશ્નપત્ર - ૨**

ખાલી જગ્યા પુરો
૧. ગોત્ર કર્મ નાશ થવાથી ................ ગુણ પ્રકટ થાય છે.
૨. સાતા અને અસાતા રૂપ આકુલતાના અભાવને ................ ગુણ કહે છે.
૩. ................ ક્યું તપ બાહ્ય દ્રવ્યોની અપેક્ષા નથી રાખતું.
૪. જીવોને પીડા ન પહોંચે તે માટે દૃષ્ટિથી માર્ગમાં ચાર હાથ આગળ જોઇને ચાલનારને ................ સમિતિ કહે છે.
૫. અંતરંગ પરિગ્રહ ................ પ્રકારના અને બાહ્ય પરિગ્રહ ................ પ્રકારના હોય છે.
૬. બુદ્ધિ પૂર્વક કલેશ કરવામાં આવે છે તેને ................ કહે છે.
૭. આર્યિકા સંઘની પ્રમુખ સંચાલિકાને ................ કહે છે.
૮. અવ્રતી શ્રાવકની વંદના ................ કરવામાં આવે છે.

સાચા જવાબ આપનાર વ્યકિતને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.
ધાર્મિક પ્રશ્નાવલીનાં સૌજન્યકર્તા શ્રી શાન્તીલાલ છોટાલાલ શાહ પરીવાર-અમદાવાદ

## માનવીય મૂલ્યોની આધ્યાત્મિક્ત વૃદ્ધિ - ‘વિપશ્યના’ના પ્રણેતા

# શ્રી સત્યનારાયણ ગોએન્કા

-સતીષ શામળદાસ ચારણ

‘વિપશ્યના’ એ આત્મનિરીક્ષણ દ્વારા આત્મશુદ્ધિની અનાદિકાળથી ચાલી આવતી સાધના વિધી છે. એનો ફેલાવો કરનાર ભગવાન બુદ્ધ હતા. ‘વિ’ એટલે વિશિષ્ટ રીતે અને ‘પશ્ય’ એટલે ‘જોવું’, વિપશ્યના એટલે વિશિષ્ટ રીતે જોવું... જે જેવું છે, એને ઠીક એવી જ રીતે જોવું, સમજવું... શરીર અને ચિત્ત ધારા પર પળેપળ નિમિત્તક પરિવર્તનશીલ ઘટનાઓનું તટસ્થ ભાવે નિરીક્ષણ...એ વિપશ્યના છે. તેને વિપ્રાસના પણ કહે છે. તેનો ઉદ્દેશ કેવળ શારીરિક રોગોના જ નહીં પણ માનવ માત્રના બધા દુઃખોને દૂર અને વિકારોને સંપૂર્ણ નિર્મૂલન અને પરમવિમુક્તિની અવસ્થાને પ્રાપ્ત કરવાનો છે. શ્રી સત્યનારાયણ ગોએન્કાને વિપશ્યના સાધનાના ગુરુ માનવામાં આવે છે. ભારત અને વિશ્વમાં તેમણે આ સાધના પદ્ધતિનો પ્રચાર પ્રસાર કરેલ છે. મૂળ ભારતીય એવા શ્રી ગોએન્કાનો જન્મ બર્મામાં થયો હતો. ધંધાકીય તણાવને કારણે આધાશીશી-માઇગ્રેનના શિકાર બન્યા. આનો ઉપચાર બર્મામાં જ નહીં પરંતુ વિશ્વના પ્રસિદ્ધ ડૉક્ટરો પણ ન કરી શક્યા ત્યારે કોઇકે એમને ‘વિપશ્યના’ની સાધના કરવા જણાવ્યું. ત્યાં તેમણે આચાર્ય સયાજી ઉ બા ખિન પાસેથી વિપશ્યના શીખી અને ચૌદ વર્ષ તેના અભ્યાસની સાથે સાથે બુદ્ધવાણીનું પણ અધ્યયન કર્યુ. બાદમાં આચાર્ય સયાજી ઉ બા ખિને એમને ૧૯૬૯માં લોકોને વિપશ્યના શીખવવા માટે અધિકૃત કર્યા ત્યારથી તેમણે વિભિન્ન સંપ્રદાય અને વિભિન્ન જાતિના લોકોને ભારતમાં અને ભારતની બહાર પૂર્વ અને પશ્ચિમના દેશોમાં વિપશ્યનાનું પ્રશિક્ષણ આપ્યું. વિપશ્યનાના અભ્યાસમાં શ્વાસને એક કડી બનાવી મનને વર્તમાનમાં જીવવાનું શિખવાડવામાં આવે છે. ‘આ શ્વાસને જો, જે આવી રહ્યો છે અથવા જઇ રહ્યો છે’. એ હાલ એટલે કે વર્તમાનમાં થઇ રહેલ ઘટના છે...તે જ સચ્ચાઇ છે. ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યની આકાંક્ષાઓથી દૂર થઇ વર્તમાનમાં જીવતા શીખવે છે. મન જેને પરસ્પર સંબંધ નથી તેવી એક વાત તો ક્યારેક બીજી વાત ઉપર ભટક્યા કરે છે. માત્ર મુંઝવણ જ મુંઝવણ...જાણે કે કોઇ ભાન જ નથી. સારી સ્મૃતિ કાયમરહે અને ન ગમતી સ્મૃતિ હંશેશાં જલદી ટળે. આ રાગદ્વેષ અને મોહમૂઢતા બેહોશભરી સ્થિતિ બની રહે છે. વિપશ્યનાનો સમગ્ર અભ્યાસ ચિત્તની નિર્મળતા તરફ લઇ જનાર છે. તે કોઇ અંધશ્રદ્ધા પર આધારિત કર્મકાંડ નથી. શરીરની કોઇ કસરત નથી કે જે એક સામાન્ય વ્યક્તિ ન કરી શકે. પોતાના શ્વાસને જોવાની સીધી જ વાત છે.

હિન્દુ હો યા બૌદ્ધ હો, મુસ્લિમ હો યા જૈન,

જબ જબ મન મૈલા કરે, તબ તબ હોય બેચૈન.

સંતોએ અને પ્રબુદ્ધોએ કહ્યું છે કે, “શાંતિ પોતાની અંદર શોધો.” પોતાની અંદર સ્વયં નિરીક્ષણ કરીને જોવાનું છે કે શું મારામાં શાંતિ છે-પોતે પોતાની અનુભૂતિના સ્તર પર જાતને જાણો... બુદ્ધિના સ્તર પર જાતને જાણો... બુદ્ધિના સ્તર પર નહીં અને ત્યારે જ જીવનની સમસ્યાઓનું સ્વતઃ સમાધાન થતું થશે. આ સાધના મનનો વ્યાયામછે. મનને સ્વસ્થ બનાવી શકાય છે. આ સાધનાનાં ત્રણ સોપાન છે. પહેલું સોપાન-સાધક પાંચ શીલ પાલન અર્થાત્ જીવ-હત્યા, ચોરી, જુઠ્ઠુ બોલવું, અબ્રહ્મચર્ય તથા નશા સેવનથી વિરક્ત રહેવું. આ શીલોના પાલન કરવાથી મન એટલે સુધી શાંત પડતું હોય છે કે જેથી આગળનું કામ સરળ બનતું હોય છે. આગલું સોપાન-નાસિકામાંથી આવતા-જતા પોતાના નૈસર્ગિક શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને આનાપાન નામની સાધનાનો અભ્યાસ કરવો. ચોથા દિવસ સુધીમાં મન કંઇક શાંત પડતું હોય છે, એકાગ્ર થતું હોય છે અને વિપશ્યનાના અભ્યાસને લાયક થતું હોય છે.

શ્રી ગોએન્કાએ ૧૯૭૬માં નાસિક નજીક ઇગતપુરીમાં પહેલું વિપશ્યનું હેડક્વાર્ટર સ્થાપ્યું. વિશ્વના ૧૬૨ કેન્દ્રો ખાતે ૫૧ ભાષાઓમાં ૧૦ દિવસીય ઉપરાંત કેટલાક કેન્દ્રો ખાતે ૨૦, ૩૦, ૪૫, ૬૦ દિવસીય શિબિરો થાય છે. ગુજરાતનું વિપશ્યનાનું કેન્દ્ર ધોળકા નજીક રનોડા, મહેસાણા પાસે મીઠા, કચ્છમાં માંડવી ખાતે આવેલા છે. રાહુલ ગાંધી, શબાના આઝમી, મૌસમી ચેટરજી, દિપ્તિ નવલ, કિરણ બેદી, ટી.વી. ચૅનલના માલિક - સુભાષ ચંદ્રા, ઓડીસી ડાન્સર - પ્રતીમા બેદી સહિતના જગતમાં લાખો લોકોએ આ તાલીમ લઇ લીધી છે. સરકાર દરેક જેલમાં કેદીઓ માટે આ તાલીમ યોજવાનું વિચારી રહી છે. સીમ્બાયોસીસ સેન્ટર ફોર મૅનેજમેન્ટ એન્ડ મેમોરીયલ હૉસ્પિટલ જેવી કંપનીઓ અને સંસ્થાનો તેમના સ્ટાફને નિયમિત રીતે તાલીમમાં મોકલે છે.

વિપશ્યનાનાં આ સેન્ટરો ભાગ લઇ ચૂકેલાઓના ડૉનેશનથી ચાલે છે. રહેવા અને ખાવાનું પણ કોઇ શુલ્ક કોઇની પાસેથી લેવામાં આવતું નથી.

આ ધ્યાન પદ્ધતિથી બૌદ્ધ માર્ગના તમે અનુયાયી બનો છો તેવું નથી. તે ધર્મથી પર એક સનાતન છતાં વૈજ્ઞાનિક પદ્ધતિ છે. આ જ કારણસર આ વિદ્યા વિશ્વભરની બધી પૃષ્ઠભુમિઓના લોકોને આકર્ષિત કરે છે.

૨૯ ઑગસ્ટ ૨૦૦૦ના રોજ આચાર્ય ગોએન્કાજીને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ન્યુયોર્કના જનરલ એસેમ્બલી હૉલમાં આયોજિત સહશતાબ્દી વિશ્વ શાંતિ સંમેલનમાં વિશ્વના ગણમાન્ય આધ્યાત્મિક અને ધાર્મિક નેતાઓની સાથે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સત્રમાં ગોએન્કાજીએ લગભગ બે હજાર પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોની હાજરીમાં આ ભાષણ આપ્યું. તેઓએ કહ્યું કે, ‘આજે અહીં કન્વર્ઝનના પક્ષમાં બહુ ચર્ચા થઇ. હું કન્વર્ઝનના પક્ષમાં છું. વિરોધમાં નથી. પરંતુ એક સંપ્રદાયમાંથી બીજા સંપ્રદાયમાં નહીં પણ એના બદલે કન્વર્ઝન દુઃખથી સુખમાં, બંધનથી મુક્તિમાં, ક્રુરતાથી કરુણામાં થવું જોઇએ. આજે આવા જ પરિવર્તનની જરૂરિયાત છે’. ઉપરાંત સમ્રાટ અશોકના ૨૩૦૦ વર્ષ પૂર્વે પથ્થર પર કોતરેલા શબ્દો ટાંકતા તેમણે કહ્યું કે, બીજાના સંપ્રદાયની નિંદા કરીને પોતાના સંપ્રદાયની સર્વોત્તમતા સિદ્ધ કરવામાં વ્યક્તિ માનવતાને માટે બહુ મોટી મુશ્કેલી ઊભી કરે છે.

૨૦૧૨ માં તેઓને ભારત સરકાર દ્વારા સમાજની વિશિષ્ટ સેવા માટે પદ્મભૂષણ એનાયત કરવામાં આવ્યો. ૮૯ વર્ષની, ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૩ માં તેમના છેલ્લા શ્વાસ લીધા હતા. આ ધ્યાન સાધના પ્રશિક્ષણ દ્વારા માનવીય મૂલ્યોની આધ્યાત્મિક વૃદ્ધિ માટે શ્રી ગોએન્કાજીએ આપેલું યોગદાન સદા યાદ રહેશે. તેઓએ એક અવિનાશી વારસો પાછળ છોડી દીધો.

૩, બાલગઢ એપાર્ટમેન્ટ, ગઢવી સોસાયટી, સ્વાતિ સોસાયટી પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. (મો.) ૯૪૨૮૨૧૯૦૩૧

# જીવનની નાની પરંતુ મહત્ત્વની વાતો

જીવનની સફળતા અસફળતા ઉપર આપણા વ્યવહારની નાની વાતોનો પણ બહુ મોટો પ્રભાવ પડે છે. નાની નાની ખરાબ આદતો, સ્વભાવની થોડી પણ વિકૃતિ, રહેણીકરણીનો ખોટો ઢંગ જેવી સામાન્ય બાબતો હોય તો પણ મનુષ્યની ઉન્નતિ, વિકાસ, સફળતાના માર્ગમાં અંતરાય બનીને ઊભી થઇ જાય છે. પરંતુ તેમાં સુધારો ન કરતાં લોકો પોતાની અસફળતાઓ માટે બીજાં કારણો ગણાવે છે અને પોતાની જાતને સંતોષ આપવાનો નિષ્ફળ પ્રયાસ કરે છે.

મનુષ્યના વ્યક્તિત્વનો પ્રભાવ સંસારમાં બીજા લોકોને રસ્તો બતાવે છે. મનુષ્યનો વ્યવહાર, વાતચીત, જીવન, વર્તણૂક અને વ્યવહારિક પાસાઓના આધારે જ સમાજ તેના અંગેની પોતાની માન્યતા નક્કી કરે છે, જેનું મનુષ્યના જીવનમાં મહત્વપૂર્ણ સ્થાન હોય છે. સમાજનો સહયોગ મેળવીને માણસ ઉચ્ચ સ્થાન મેળવીને બહુ મોટી સફળતા મેળવી શકે છે. સમાજથી તિરસ્કૃત અને દૂર જઇને મનુષ્ય જીવનની બધી બાહ્ય સંભાવનાઓથી વંચિત પણ થઇ જાય છે. એટલે સામાન્ય ભૂલો, સ્વભાવની વિકૃતિ રહેણીકરણી, વાતચીતમાં બેઢંગપણુ અને બીજી ખરાબ વર્તણૂંકમાં સુધારો કરવો જરૂરી છે.

કેટલાક લોકો ઉત્તેજિત સ્વભાવના હોય છે, પરંતુ વાતે વાતે દરેક સમયે વ્યવહારમાં ઉત્તેજિત થનાર માણસ સહેલાઇથી બીજા સાથે લડાઇ-ઝગડા કરે છે. કોઇ વાતે આવા લોકો ઠંડા મગજથી વિચારી શકતા નથી. આવી રીતે કેટલીક વ્યક્તિઓ એવા પ્રકારની હોય છે કે મનમાં ને મનમાં સમજી વિચારીને માનસિક મૂંઝવણથી પરેશાન રહે છે. તેમના મોં ઉપર નિરાશા, દ્વન્દ્વ, બેચેનીનો ભાવ ઝળક્યા કરે છે. કેટલાયને આત્મવિશ્વાસનો અભાવ, હીનતાની ભાવના, ગભરામણ વગેરે અસંતુલિત બનાવી દે છે. આ રીતની બધી વાતો મનુષ્યની માનસિક અસ્વસ્થતાનો પરિચય આપે છે, જે જીવનના દરેક કામકાજમાં જોવા મળે છે. તેનાથી પ્રભાવિત બનવાવાળા બીજા લોકો તેમના વિષે ખોટો અભિપ્રાય રાખે છે. કોઇપણ સમજદાર માણસ ઉત્તેજિત, હીન ભાવનાવાળા, આંતરિક દ્વંદ્વથી પરેશાન, અસ્વસ્થ વ્યક્તિને પોતાના કામમાં સાથે રાખવાનું પસંદ નહીં કરે. આ બહુ મોટી અડચણ (મુશ્કેલી) છે.

દરેક વ્યક્તિ પોતે જ પોતાની એક ચાલતી, ફરતી, બોલતી જાહેરાત છે. એ પણ સાચું છે કે જાહેરાત જેવી હશે તેનો પ્રભાવ તેવો જ પડશે. વાતચીત, વેશ ભૂષાથી મનુષ્યનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. ખરાબ આદતોથી સ્વયંમની ખોટી જાહેરાત થાય છે, સ્વયંનું ફુવડપણું બેવકૂફી જાહેર થાય તેને છોડવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

કેટલાક લોકો બીજાની સામે નજરથી નજર મેળવીને વાતચીત કરતાં અચકાય છે. કેટલાક લોકો વાતચીત કરતી વખતે કપડાની ધાર અડકવા લાગે છે. કોઇ તણખલું ઉઠાવીને જમીન ખોતરવા લાગે છે, કોઇ મોંમાં આંગળી નાખીને નખ ચાવે છે. તેનો પ્રભાવ બીજા લોકો ઉપર સારો પડતો નથી. અને તેનાથી વ્યક્તિત્વનું ખોખલાપણું અને શૂદ્રતા જાહેર થાય છે. સમાજમાં આવા લોકોને મહત્વ આપવામાં આવતું નથી અને ન તો તેમને સારી શ્રેણીના લોકોમાં ગણવામાં આવે છે. આ રીતે થોથવાતા લોકો અને કમજોર મનવાળા માણસો પાસેથી કોઇ મોટુ કામ કરવાની આશા પણ નથી કરી શકાતી.

વાતચીતનો સ્તર પણ મનુષ્યનો પ્રભાવ અને વ્યક્તિત્વને પ્રગટ કરે છે. બહુ વાર ચૂપ રહેવાવાળા અથવા ખૂબ બોલવાવાળા બંને રીતના માણસો સારા માનવામાં આવતા નથી. જરૂરિયાત મુજબ નક્કી અને માપીતોલીને વાતચીત કરવાથી મનુષ્યનું વ્યક્તિત્વ વિકસે છે. સમજ્યા વિચાર્યા વગર ઉટપટાંગ ભાષાની અશુદ્ધતા, અશિષ્ટતા, જોર-જોરથી વાતો કરવી, વચ્ચે જ કોઇને ટોકવું તક વગર વાતો કરવી, પોતાનું જ ગાણું ગાવું વગેરે અનુભવને ભાર આપવો, બીજાને તક ન આપવી, કોઇની બહેન-બેટીના સૌંદર્યની ચર્ચા કરવી, બીજાની નિંદા કરવી વગેરે બાબતોથી મનુષ્યની ઊણપનો અંદાજ કોઇ વ્યક્તિ પોતાની સારી છાપ કાયમમાટે જાળવી શકતો નથી. સમાજમાં પણ આવી વ્યક્તિને કોઇ મહત્વ નથી મળતું. આનાથી બાજા પર સારો પ્રભાવ ન પડતાં ખરાબ જ પ્રભાવ પડે છે. આનાથી મનુષ્ય પ્રગતિ કે સફળતાથી વંચિત રહી જાય છે.

કેટલાક લોકો સાચી અને યોગ્ય વાત પણ મોટી કર્કશતા અને રૂક્ષતાની સાથે કહે છે. કોઇ ઉપદેશક પ્રેમ, મૈત્રી, દયાનો ઉપદેશ આપતાં બીજાની પ્રશંસા આદર્શોની વાતો કરવામાં પણ એવા લાગે છે કે જાણે કે બીજા સાથે લડી રહ્યા છે. વાતચીતમાં મધુરતાં ગંભીરતા, સ્પષ્ટતા, ચોક્કસાઇ રાખવાથી બીજા પર સારો પ્રભાવ પડે છે. સાધારણ યોગ્યતાવાળો પણ પોતાની વાતચીતની મધુરતાથી મોટાં મોટાં કામ કાઢે છે. પરંતુ પોતામાં રહેલા દોષોને દૂર ન કરવાવાળા ફક્ત આ ફરિયાદ કરતા જોવા મળે છે, "શું કરીએ આપણે લોકોને સારી વાત કહીએ છીએ, તેનું હિત ઇચ્છીએ છીએ, છતાં પણ લોકો આપણને ખરાબ સમજે છે, આપણાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે." એનું કારણ બીજા લોકોનો આ રીતનો વ્યવહાર નહીં પરંતુ અપ્રિય અને લૂખી વાતચીત હોય છે.

કેટલાય લોકો ધર્મ, અધ્યાત્મ, સમાજ, માનવતાની મોટી મોટી વાતો કરે છે. વાતોમાં અને વિચારોમાં બડાશ મારવાનું ચૂકતા નથી. પરંતુ ધરતી પર થવાવાળી નાની નાની વાતો પર જરાક પણ ધ્યાન નથી દેતાં. પરિણામે તેઓ ન જમીન પર રહે છે. ન તો આકાશમાં. તેમનું કશું મહત્ત્વ હંમેશાં રહેતું નથી. જે લોકોનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત હોય, વાળ વિખરાયેલા હોય, ખાવા પીવા અને રહેવાનો કોઇ ઢંગ ન હોય, જેની જીવન-પદ્ધતિમાં કોઇ વ્યવસ્થા ક્રમ ન હોય, ઊલટું ફૂવડપણું અને ભદ્દાપણું ટપકતું હોય એવી વ્યક્તિઓ ન કોઇ મહત્વપૂર્ણ કાર્યોનું સંપાદન કરી શકે છે ન કોઇ ક્ષેત્રમાં વિશેષ સફળતા મેળવી શકે છે.

કોઇ પણ પ્રકારના ચારિત્રિક અને વ્યવહારિક દોષો મનુષ્યને અસફળતા અને પતન તરફ દોરી જાય છે. સમાજમાં તેનું મૂલ્ય અને પ્રભાવ નષ્ટ કરી શકે છે. મહાન પંડિત, વૈજ્ઞાનિક, બળવાન રાવણ પોતાના અહંકાર અને પરસ્ત્રીમાં આસક્તિ રાખવામાં જ નાશ પામ્યો. પશુપક્ષીઓ સુધ્ધાં સમગ્ર સમાજે પણ તેનો વિરોધ કર્યો. આ રીતે હીનતા જ મુખ્ય છે. ચારિત્ર્ય અને વ્યવહારની નાની ભૂલો મનુષ્યની પ્રગતિનો રસ્તો રોકી લે છે.

કેટલાક લોકો કોઇ વાત વગર અથવા નાની વાતમાં જ મોં ફૂલાવીને ઉદાસ અને દુઃખી જોવા મળે છે, જેઓ વાતાવરણમાં ગંભીરતા, નિરાશાની વિવશતા (લાચારી), હાર, ભયંકરતા ઉત્પન્ન કરે છે. પરંતુ એક તરફ એવા લોકો હોય છે જેઓ પોતાના આનંદ, હાસ્ય, આશામય હાસ્યથી એક સજીવ સુંદર અને ઉત્તમ વાતાવરણનું નિર્માણ કરે છે. ફક્ત મનુષ્યનો દૃષ્ટિકોણ અને જીવન જીવવાની ઇચ્છાશક્તિ જ મુખ્ય છે. એ તો ધ્રુવ સત્ય છે કે દુઃખ દર્દ, ઉદાસી બધાના જીવનમાં રહે છે. સમાજ તેને પસંદગી આપે છે. જેઓ તેને ઉત્સાહ અને પ્રસન્નતા, સુંદરતા આપી શકે, સ્મશાનમાં પણ નવજીવનનું વાતાવરણ લાવી શકે. દરેક વખતે પોતાના દુઃખો, તકલીફો અભાવોને રડવાવાળાથી દરેક માણસ પીછો છોડવાનું ઇચ્છશે, કેમકે રડવાવાળાની ખોટ હોતી નથી.

સામાજિક સહયોગ, લોકોની સહાયતા અને પોતાના ક્ષેત્રમાં સફળતાથી વંચિત થવાનું એક મોટું કારણ છે. દરેક વાતમાં બીજાની ટીકા કરવી ખરું જોતાં કેટલાક લોકોની આવી પ્રવૃત્તિ જ હોય છે, જેમાં ભલે કોઇ પણ વાત હોય, કેવું પણ વાતાવરણ હોય, ટીકા કર્યા વગર તેમને સંતોષ થતો નથી. દરેક સમયે દરેક વાતને ટીકાની કસોટી પર કસવી સારી વાત નથી, તેનાથી લોકો દૂર ભાગવાની કોશિષ કરે છે અને મનુષ્ય બીજાના કેટલાક અનુભવો મહત્વની જાણકારી, વિચાર, જ્ઞાનથી વંચિત રહે છે.

# શ્રી લાલુભાઇ છગનલાલ શાહ (જહેર)

## પરિવાર તરફથી



લાલુભાઇ છગનલાલ શાહ







કંચનબેન લાલુભાઇ શાહ

Jyotish S. Shah (Kachwala)
Telefax : 022-28481718
Mob.: 98202 28980 / 98672 89802

Hemali Trading Co.

Dealers Agents in : Toughened & Figured Glass, Chemicals, Acrylic Plastic & All Types of Paper & Clip

Head Off.: X/14, Sai Chhaya Apartment, Chhatrapati Shivaji Road No. 3, Opp. Sudhindra Nagar, Dahisar (East), Mumbai - 400 068.

Branch Off.: B-4, 1st Flr., Buddhadev Market, Sevashram Road, Bharuch-392001. (Gujarat)

Godown Fac. : L-5309/2, 4th Phase, Opp. Suprit Chemical GIDC, Vapi, Gujarat-385195 Gujarat.



Book-Post / By Air Mail

To,

______________________________

______________________________

______________________________

Printed and Published by : Shri Dineshbhai Lalubhai Shah (President) On behalf of Shri Sangh Nrusinhpura Digambar Jain Kelavani Mandal, Sheth K. J. Chhatralay, Nr. Post-Office, Navrangpura, Ahmedabad-380009.
Email : kjchhatralay@yahoo.in • web : parichaysetu.com
at Padmavati Printing Press, Usmanpura, Ahmedabad-380013. Phone : 30155492 • Mo. : 9227215492